ગાંધીનગર સમાચાર

સે-૨૩ના ખુલ્લા મેદાન પાસે ગંદકીના ઢગ

## @ગાંધીનગર

● આઈ.એન.આઈ. એફ.ડી. ખાતે આજથી સંસ્થાના ફેશન તથા ઈન્ટિરીયર ડિઝાઈનર્સ અંગેના વર્કશોપનો પ્રારંભ થશે.

### ચૌધરી પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ સપ્તાહની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૧

તાજેતરમાં શ્રી જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલય સેક્ટર-૭ ખાતે વૃક્ષારોપણ સપ્તાહની ઉજવણી કરાઈ હતી. જેમાં ધો. ૮ના વિદ્યાર્થીઓ દ્વારા શાળાના પ્રાંગણમાં વિવિધ વૃક્ષો વાવવામાં આવ્યા હતા. તેમજ વર્તમાન સમયમાં પર્યાવણની વૈશ્વિક સમસ્યા વચ્ચે ઘટી રહેલા વૃક્ષો ચિંતાનો વિષય બનશે. આ અંગે વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત શાળાના આચાર્ય મીનાબેન ચૌધરી તથા શાળાના શિક્ષકો ઈજુબેન ચૌધરી, ચંદ્રિકાબેન ચૌધરી અને શિતલબેન ચૌધરીએ આપણા સમાજમાં વૃક્ષોનો મહત્વ વિષય ઉપર વક્તવ્ય આપ્યું હતું.

### દલિત હત્યાકાંડની તપાસ માટેની માંગ : સાંઈ શકિત સેવા ટ્રસ્ટ

સાંઈ શકિત સેવા ટ્રસ્ટના પ્રમુખ કાંતિલાલ અંબાલાલ મકવાણાએ નિવેદનમાં જણાવ્યું હતું કે તાજેતરમાં ઉનામાં દલિતો પર દમન ગુજારવામાં આવ્યો હતો. અવાર નવાર દલિતો ઉપર દમન ગુજારવામાં આવી રહ્યો છે. રાજયમાં દલિતો પર થતાં અત્યાચારની માત્રામાં વધારો થયો છે.જેથી ટ્રસ્ટની માંગણી છે કે ઉનાકાંડ અને થાનગઢ દલિત હત્યાકાંડની તપાસ નામદાર હાઈકોર્ટના સીટીંગ જજ દ્વારા કરવામાં આવે. જેથી સીટીંગ જજ દ્વારા તપાસ થાય તે માટેના હુકમો સત્વરે કરવા ટ્રસ્ટે માંગ કરી છે.

### સરસ્વતી વિદ્યાલય સે-૩ ચેસ ટુર્નામેન્ટમાં મોખરે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા આયોજિત ચેસ ટુર્નામેન્ટનું આયોજન શ્રી સ્વામિનારાયણ ધામ ખાતે યોજાયેલ હતું. જેમાં સરસ્વતી વિદ્યાલય સે-૩ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં અન્ડર-૧૯ પટેલ આદિત્ય એમ. એ જિલ્લામાં ત્રીજા ક્રમે તેમજ અન્ડર-૧૭માં છોકરીઓમાં કૃપા કે. કામાણીએ પ્રથમ નંબર મેળવ્યો હતો. બંને વિદ્યાર્થીઓ રાજય માટે પસંદગી પામેલ છે. ટ્રસ્ટીગણ તેમજ આચાર્યશ્રી યોગેશભાઈ રાવળે શ્રી સરસ્વતી વિદ્યાલયનું ગૌરવ વધારવા બદલ બાળકોને આર્શીવચન આપ્યા હતા.

# ચિલોડા સર્કલની કાયાપલટનો તખ્તો તૈયાર

## ઉચ્ચ અધિકારીઓએ મુલાકાત લઈ ટ્રાફીક, દબાણ, શૌચાલય, માર્ગની અડચણો અને સ્વચ્છતાનો અભ્યાસ કર્યો, કલેકટર સાથે પરામર્શ કરી નકકર કાર્યવાહીનો પ્રારંભ કરાશે

ગાંધીનગર, તા.૨૧

પાટનગરના પ્રવેશ દ્વાર એવા ચિલોડામાં દૈનિક અસંખ્ય લોકોની અવરજવર રહે છે. વિકાસ ક્ષેત્રે પહેલેથી જ સુષુપ્ત રહેલા ચિલોડામાં પ્રાથમિક સુવિધાનો અભાવ રહ્યો છે અને જે અંગે અનેકવાર લેખિત તથા મૌખિક રજુઆતો તંત્રને કરેલી છે જેના પરિણામ સ્વરૂપે લાંબા સમય પછી પણ બુધવારના રોજ ચિલોડા સર્કલની કાયાપલટનો તખ્તો તૈયાર કરવાના ભાગ રૂપે ઉચ્ચ અધિકારીઓએ મુલાકાત લઈ તમામ બાબતોનો ઝીણવટભર્યો અભ્યાસ કર્યો હતો. પાટનગર નજીક હોવાથી પ્રજાજનોની મોટા પ્રમાણમાં અવરજવર આ સ્થળેથી થતી હોય છે. જેથી તમામ સુવિધાઓ ઉપલબ્ધ બને તે માટે કલેકટર સાથે ઊંડી પરામર્શ કરી નકકર કાર્યવાહીના પ્રારંભની ઉજળી તકો ઉભી થઈ છે.

દિવસ-રાત સતત અવરજવરથી ધમધમી રહેલા પાટનગરના પડોશી ચિલોડા સર્કલની કાયાપલટ કરવા સરકારી તંત્ર એ કમર કસી છે. ચિલોડામાં પ્રાથમિક સુવિધાઓ સહિત અનેક સમસ્યાઓની ભરમાર છે જે અંગે લાંબા સમય પછી સરકારી તંત્ર સફાળુ જાગ્યુ છે અને બુધવારના રોજ ઉચ્ચ અધિકારીએ મુલાકાત લઈ સમસ્યાઓને નજરે નિહાળી હતી. ચિલોડામાં ભારે ટ્રાફીક સમસ્યા, દબાણ, સ્વચ્છતાનો અભાવ,



શૌચાલયનો અભાવ, એસ.ટી.સ્ટેન્ડનો અભાવ તથા માર્ગની અડચણો જેવા મુદ્દા અધિકારીઓએ ચકાસ્યા હતા.

ચિલોડા સર્કલની મુલાકાતે આવેલા ગાંધીનગરના મામલતદાર એ.કે. જોષી, દબાણ શાખાના મામલતદાર, જે.ડી. મકવાણા, પાટનગર યોજના વિભાગ-ઉના કાર્યપાલક ઈજનેર બી.કે. પંડયા, રાષ્ટ્રીય ધોરી માર્ગના કાર્યપાલક ઈજનેર, રાઉન્ડ ફોરેસ્ટર પી.એમ. વાઘેલા, કે.ડી. કરોવા-તલાટી કમ મંત્રી ચિલોડા, એસ.ટી. કંન્ટ્રોલર પોઈન્ટ ચિલોડાના રાજદિપસિંહજી રાઠોડ, ચિલોડા પીઆઈ એલ.ડી. વાઘેલા તથા ચિલોડા સરપંચ સવાજી ઠાકોર વગેરેએ ગેરકાયદેસર દબાણો દુર કરી માર્ગો ખુલ્લા કરવા, વન વિભાગમાંથી દબાણો દુર કરવા, ગુડા દ્વારા ટી.પી.રોડને ખુલ્લો મુકવા, સ્વચ્છતા અભિયાન અંતર્ગત ડોર ટુ ડોર કચરો એકઠો કરવા, શૌચાલયની ભારે સમસ્યા દુર કરવા જગ્યા ફાળવણી તથા ટ્રાફીક સમસ્યાના નિરાકરણ જેવા મુદ્દાઓ ઉપર ભાર મુકી ચિલોડાની કાયાપલટનો તખ્તો તૈયાર કરવા કમર કસી છે. વધુમાં સીકસ લેન માર્ગ માટે ઓવર બ્રીજ અંગેની ચર્ચા પણ કરાઈ હતી. જો કે આ અંગે ત્વરીત કક્ષાએ કલેકટર સાથે પરામર્શ કરી નકકર કાર્યવાહી થાય તેવા પ્રયાસો હાથ ધરવાનું જણાવાયું હતું. ચિલોડા અનેક સમસ્યાથી મુકત થઈ વિકાસની કેડીએ હરણફાળ ભરે તે માટેના પ્રયાસોને સૌ કોઈએ હરખભેર આવકાર્યા છે.

# સે-૨ ઉના ખુલ્લા મેદાન પાસે ગંદકીના ઢગ

## રહીશોની પાલિકા તથા કોર્પોરેટર સમક્ષની લેખિત તથા મૌખિક રજુઆતોનું પરિણામ શુન્ય, સ્વચ્છતા અભિયાન અહીં ગંદકીમાં ગરકાવ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના અંતરિયાળ વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન હજુ સુધી પહોંચ્યુ ન હોય તેમ ગંદકીના સામ્રાજય જોવા મળી રહ્યા છે. સેકટર-૨ ઉના ખુલ્લા મેદાન પાસે ગંદકીના ઢગ ખડકાઈ ગયા છે. નજીક જ રહેતા રહીશોએ સ્થાનિક કોર્પોરેટર તથા પાલિકાને આ સમસ્યા અંગે લેખિત તથા મૌખિક રજુઆતો કરી છે છતાં પણ ગંદકી દુર ન થતા રહીશો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. વરસાદી વાતાવરણમાં રોગચાળો પેદા થાય તેવી સ્થિતિનું નિર્માણ થયેલું છે છતાં તંત્ર દ્વારા પગલા ન લેવાતા રહીશો પાલિકાના હોદેદારોને આવેદન પત્ર આપવાનું વિચારી રહ્યા છે.

પાટનગરના મુખ્ય માર્ગો આસપાસ સાફ સફાઈ રાખી તંત્ર સ્વચ્છતાની બડાશ હાંકી રહ્યું છે.





પરંતુ આંતરિક વિસ્તારોમાં નર્કાગારની સ્થિતિ ઉભી થઈ છે. સેકટર-૨ ઉની સૌરભ સોસાયટી નજીકના ખુલ્લા મેદાનની આજુબાજુ ગંદકીના ઢગ ખડકાઈ ગયા છે. કચરો, વાસી ખોરાક તથા અન્ય ગંદકીમાં વરસાદી પાણી મિશ્ર થતાં દુર્ગંધ મારી રહી છે અને રોગચાળો પેદા થાય તેવી સ્થિતિનું નિર્માણ થયેલું છે. જેથી નજીકમાં અને સામે જ રહેતા ટેનામેન્ટ અને ફલેટના રહીશોએ સ્થાનિક કોર્પોરેટરોનું ધ્યાન દોરી આ સમસ્યાનું નિરાકરણ લાવવા કહ્યું હતું. ત્યારબાદ આ ગંદકી અંગે પાલિકા કચેરીએ લેખિતમાં પણ રજુઆત કરાઈ છે.

છતાં તંત્ર એ આ અંગે કોઈ જ કાર્યવાહી આજ દિન સુધી કરી નથી. સ્વચ્છતા અભિયાનની મસ મોટી જાહેરાતો છપાવી ગૌરવ ધરાવતા તંત્રનું ખોખલાપણુ અંતરિયાળ વિસ્તારોમાં સર્જાતી ગંદકીથી બહાર આવી રહ્યું છે. ડોર ટુ ડોર કચરો ઉપાડવાની વ્યવસ્થા ફકત ઘરના કચરો પુરતી મર્યાદિત બને છે. પરંતુ આવા જાહેર સ્થળોની ગંદકી દુર ન થતાં નજીક રહેતા નાગરિકો ત્રાહીમામ પોકારે છે. વધુમાં ઘરમાં સતત બિમારી ફેલાયેલી રહે છે જેથી સત્વરે આ ગંદકી દૂર થાય તેવું કરવા રહીશોની માંગ છે અન્યથા આ અંગે આગળ આંદોલની પગલાં ભરવા રહીશો તૈયારી કરી રહ્યા છે.

# ઉદ્યોગભવન પાસેથી પાનબીડીનો આખેઆખો ગલ્લો ચોરાઈ ગયો...!

## સવારે નજીકની ઝાડીઓમાં તાળુ તુટેલી હાલતમાં ગલ્લો મળી આવ્યો : ૧૬ હજારના મુદ્દામાલની ચોરી

ગાંધીનગર, તા.૨૧

પહેલા પાનબીડીના ગલ્લાને તોડીને પરચુરણની કે સિગારેટના પેકેટની ચોરીઓની ઘટના ધ્યાને આવતી હતી. હવે તો આખે આખો પાનબીડીનો ગલ્લો જ ચોરી થઈ ગયાની ઘટના બની છે. ગઈ રાત્રિ દરમિયાન ઉદ્યોગભવન પાસેથી ગલ્લો ચોરી થઈ જવા પામ્યો હતો. બાજુમાં પ્લાસ્ટીકના છાપરામાં રહેતા ગલ્લાધારક વહેલી સવારે ઉઠયા તો ગલ્લો ગાયબ હતો. નજીકની ઝાડીઓમાં વહેલી સવારે તાળુ તુટેલી હાલતમાં ગલ્લો મળી આવ્યો હતો. તેમાંથી ૧૬ હજારની મત્તા ચોરી થઈ જવા પામી હતી. ગલ્લાધારકની ફરિયાદના આધારે સે-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

સેકટર-૧૧ ઉદ્યોગભવન પાસેના ખુલ્લામાં પ્લાસ્ટીકનું ઝુંપડું બનાવીને ત્યાં રહેતા બાબુભાઈ મોહનભાઈ પટેલ નજીકમાં જ પાનબીડીનો ગલ્લો મુકીને વેપાર કરે છે. ગઈ રાત્રીએ પરિવાર સાથે છાપરામાં સુઈ ગયા હતા તે દરમિયાન તેમનો પાનબીડીનો ગલ્લો કોઈ શખ્સ ઉઠાવી ગયું હતું. વહેલી સવારે ચાર વાગ્યાના અરસામાં બાબુભાઈ ઉઠયા તો ગલ્લો ગાયબ હતો. આમ તેમ ગલ્લો શોધવાનું શરૂ કર્યુ તો ઉદ્યોગ ભવનની સામે ઝાડીમાંથી ગલ્લો મળી આવ્યો હતો. ગલ્લાનું તાળુ તુટેલું હતું. તેમાંથી રૂ. ૨ હજારનું પરચુરણ, પત્નિની રૂ. ૫૦૦૦ની કિંમતની સોનાની કડીઓ, ૪ હજારની કિંમતનું ચાંદીનું મંગળસુત્ર, પગની સહેરો અને બે મોબાઈલ મળી તેના ગલ્લામાંથી રૂ. ૧૬ હજારનો મુદ્દામાલ ચોરી થઈ જવા પામ્યો હતો. આ મામલે સે-૭ પોલીસે ગલ્લાધારક બાબુબાઈની ફરિયાદ લઈ અજાણ્યા શખ્સ સામે ગુનો દાખલ કરીને આરોપીઓ પકડવા તજવીજ શરૂ કરી છે. ઘ-૪ સર્કલ સીસીટીવી કેમેરાથી સજજ હોવાથી આરોપીઓ પકડાઈ જવાની શકયતા વધુ છે. પોલીસે કેમેરાના ફુટેજ મેળવી તપાસ આરંભી છે.

### ચૌધરી કન્યા વિદ્યાલયની અન્ડર-૧૭ હોકી ટીમ વિજેતા

ગાંધીનગર, તા. ૨૧

જિલ્લાકક્ષાની હોકી સ્પર્ધાનું આયોજન સાંઈ સેક્ટર-૧૫માં થયેલ હતુ. જેમાં શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયે અન્ડર-૧૭ બહેનોએ પ્રથમ વિજેતા બની શાળાનું ગૌરવ વધારેલ છે. તેઓ રાજ્યકક્ષાએ રમવા જશે. આચાર્ય સંતોકબેન ચૌધરી વ્યાયામ શિક્ષક વિનાક્ષીબેન સુતરીયા, હેતલબેન દેસાઈ, લીલાબેન ચૌધરીએ અભિનંદન પાઠવ્યા હતા.

મિસ્રી જહાન્વી પી., તાબિયાડ રિન્કુ આર., પરમાર જાન્વી એમ., ચૌધરી જાન્વી એન., દેસાઈ મુસ્કાન પી., ચૌધરી આકાંક્ષા બી., ચૌધરી નીતા બી., ચૌધરી રમીલા ડી., ચૈધરી હેતલ કે., ચૌધરી મનિષા ડી., ચૌધરી નયના આર., ચૌધરી પાયલ આર., ચૌધરી રસિલા એ., ચૌધરી સંગીતા ડી., ચૌધરી લલિતા કે., ચૌધરી રીટા એ. ભાગ લીધેલ હતો.



ધોળેશ્વર મહાદેવ પાસે આવેલી ગાયત્રી રેસીડન્સી સોસાયટીમાં વસતા પરિવારો દ્વારા સામુહિક વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સોસાયટીના રોડ રસ્તા અને આસપાસ ૧૦૦ જેટલા વૃક્ષો ઉછેરવાની પ્રતિબધ્ધતા સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ થયો. જેમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના ડૉ. અનિલભાઈ પટેલ, નિકુંજ જાની (ઉપસચિવ શિક્ષણ), શૈલેષભાઈ પટેલ (બિલ્ડર) વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### સિસિકાની મહિલા પાંખ દ્વારા ગૌરીવ્રતની ઉજવણી

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગરની મહિલા પાંખ દ્વારા 'ગૌરીવ્રત'ની ઉજવણી કરવામાં આવી હતી. આ ગૌરીવ્રતની ઉજવણી નિમિત્તે સેકટર-૨ તથા સેકટર-૨૦ની પ્રાથમિક શાળા અને સેકટર-૧૬ની અંધશાળાની બાળાઓને સુકો મેવો, મહેંદીના કોન, બટર ફલાય ફેન્સી ચાંદલા તથા કેળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આશાબેન દોશી, મીનાબેન શાહ, શર્મિષ્ઠાબેન દવે, સુમનબેન શાહ, મંદાબેન ધોળકીયા, આશાબેન મહેતા, અનીલાબેન રાણા, મંજુલાબેન ભલગામી તથા દામીનીબેન લાખિયાએ હાજર રહી સેવા કાર્ય કર્યુ હતું.

## વાતવાતમાં

● બે દિવસ પહેલા ધોળાકુવાના રીક્ષા ચાલક નરેન્દ્રભાઈ ઠાકોરના ૧૧ વર્ષના દિકરા કુણાલને સે-૨૮ના બાલોદ્યાનમાં પકડદાવ રમતા સહજ રીતે જ લાઈટના થાંભલાને અડકી જતા જોરદાર ઝાટકા સાથે વિજકરંટ લાગતા મોઢામાંથી ફીણ બહાર આવી ગયા હતા. કુણાલને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્ટિપલમાં દાખલ કરાયો છે પરંતુ જાહેર બગીચામાં આ પ્રકારની ગંભીર બેદરકારીના કારણે ગૌરીવ્રતમાં કોઈ ગંભીર ઘટના ના સર્જાય તો સારું.

● ગાંધીનગરના સે-૧૭માં આવેલ લોન્ડ્રીમાં આગામી ગુજરાતી ફિલ્મ લોન્ડ્રીનું શુટિંગ યોજાયું છે. આ શુટિંગ માટે હીટ ફિલ્મ છેલ્લો દિવસનો હિરો 'મલ્હાર' આવતા તેને નિહાળવા પ્રશંસકો ઉમટી પડયા હતા.

● ગાંધીનગરમાં એક સપ્તાહથી વરસાદ અટકી પડયો છે. ગૌરી વ્રત ટાણે વરસાદ અટકી જતા શહેરમાં લાગેલા ફનફેર, આનંદમેળા તથા બાલનગરીના આયોજકોના ચહેરા પર હર્ષની લાગણી જોવા મળી રહી છે.

### સ્વામિનારાયણ હાઈસ્કૂલ બાલવાનો જિલ્લાકક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લા ગ્રામ્ય કક્ષાની સાયકલ પોલો, સાયકલીંગ, વેઈટ લીફટીંગ સ્પર્ધા શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલ બાલવા ખાતે યોજાઈ હતી. જેમાં બાલવાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ દેખાવ કરી તમામ ગૃપમાં વિજેતા થઈ ૨૦ વિદ્યાર્થીઓ રાજયકક્ષાએ રમવા જશે.

અન્ડર-૧૬ આર્ચરીમાં જશ પટેલ પ્રથમ ક્રમે આવેલ છે. રાયફલ શુટીંગ અન્ડર ૧૪-૧૭-૧૯માં જોષી મિત, જોષી મહર્ષિ, જોષી આદિત્ય, ભાટી સૃજન, ચૌધરી અનિકેત, ચૌધરી સ્મિથ, ભાટી જયમીન, પટેલ જશ, પ્રજાપતિ જીનલ, દેસાઈ મિતલ, ચૌધરી તન્વી, ચૌધરી રિધ્ધિ, ભાટી જયપાલ, ચૌધરી રોમિન, ભાટી વિશાખા, ચૌધરી સૃષ્ટિ આ ખેલાડી વિજેતા થઈ રાજય કક્ષાએ રમવા જશે.

ભાગ લેનાર અને નંબર પ્રાપ્ત કરનાર તમામ વિદ્યાર્થીઓને તેમજ તેમને માર્ગદર્શન આપનાર વ્યાયામ શિક્ષક શ્રી શૈલેષકુમાર કે. પટેલ અને આચાર્ય શ્રી ટી.યુ. ગોસ્વામી તેમજ ટ્રસ્ટી મંડળે અભિનંદન પાઠવ્યા હતા.

# અનાથ બાળકોના ચહેરા પર સ્મિત રેલાવતી અનોખી બર્થ ડે પાર્ટી..!!

## સે-૨૩ના શિક્ષક પરેશભાઈ દવેની દિકરી વૈદેહીના જન્મદિવસે બાળસંસ્કાર આશ્રમ શાળાના ૬૦ બાળકોએ કેક કાપી : દસ વર્ષ પૂર્ણ થતા ૧૦ વૃક્ષોનું વાવેતર કરાયું

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સે-૨ ઉના દવે ગ્રુપ એજયુકેશનના સંચાલક શિક્ષક પરેશભાઈ દવે તથા મનિષાબેનની પુત્રી વૈદેહીએ ૧૦ વર્ષ પૂર્ણ કરતા તેના જન્મદિનની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી. વૈદેહીના ૧૧ મા જન્મદિવસને ક-૭ સર્કલ નજીક આવેલ બાલ સંસ્કાર આશ્રમ શાળાના અનાથ તથા જરૂરિયાતમંદ વર્ગના બાળકોના હાથે કેક કાપીને ઉજવવામાં આવી તથા શાળા સંકુલમાં કુલ ૧૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

આમ તો દરેક વ્યકિત પોતાનો જન્મદિવસ પોતાના સ્નહીજનો અને પરિવારજનો સાથે ઉજવવાનું પસંદ કરતું હોય છે. પોતાના સંતાનોના જન્મદિવસ માટે મા-બાપ પાર્ટીના આયોજન કરતા હોય છે. સે-૨ ઉના પરેશભાઈએ પોતાની દિકરીના બર્થ ડે માટે પાર્ટી તો રાખી પરંતુ એવી કે જેમાં સમાજના એવા બાળકો કે તેમણે પોતાનો જન્મદિવસ ઉજવ્યો નથી અથવા તેમના જન્મદિવસની પાર્ટી યોજવાવાળુ કોઈ નથી. વળી આ પાર્ટીમાં બાલ સંસ્કાર આશ્રમશાળાના ૬૦ બાળકોના હસ્તે તેમણે પોતાની દિકરીના જન્મ દિવસની કેક કપાવી જેથી તમામ બાળકોને પોતાનો જન્મદિવસ ઉજવાતો હોય તેવી દુર્લભ અનુભૂતિ થવા પામી હતી. આ પાર્ટીમાં બાળકો મન મૂકીને નાચ્યા હતા તથા તેમણે રીટર્ન ગીફટમાં



અભિનય ગીત તથા આદિવાસી નૃત્ય રજુ કરી વૈદેહીના પરિવાર તથા ઉપસ્થિત તમામને મંત્રમુગ્ધ કરી દીધા હતા. પાર્ટીમાં વૈદેહી તથા ઋષિલ સુખડીયાએ પણ ડાન્સ રજૂ કર્યો હતો.

આ બર્થ ડે પાર્ટી સાથે વૈદેહીને દસ વર્ષ પુરા થવાની ખુશાલીમાં બાલસંસ્કાર આશ્રમશાળા સંકુલમાં દસ રોપાઓ રોપી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આમ સામાજિક ઉપરાંત પર્યાવરણ જવાબદારીને જન્મદિવસની ઉજવણી સાથે જોડી ઉત્તમ સંસ્કારનું ઉદાહરણ દવે પરિવારે પુરું પાડયું હતું. આ પ્રસંગે તેમણે શાળા પરિવારને એક એમ્પિલફાયર તથા બે સ્પીકર્સ અને માઈક સહિતની સાઉન્ડ સીસ્ટમ પણ ભેટ આપી હતી. આ કાર્યક્રમમાં વૈદેહીની બહેન ઉન્નતિ દવે ઉપરાંત અન્ય પરિવારજનો-સ્નેહીજનો ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે વોર્ડ નં. ૪ના કોર્પોરેટર નીલાબેન શુકલ, ભારતીય વિકાસ પરિષદના પ્રમુખ ચંદ્રકાન્ત રાવલ, લાયન્સ કલબના પ્રતિનિધિ મમતાબેન રાવલ, બ્રહ્મ સમાજના અગ્રણીઓ મુકેશભાઈ દવે, ભાગ્યેશભાઈ દવે, સુહાગભાઈ જાની ઉપરાંત નિતિનભાઈ પટેલ, નરેન્દ્રભાઈ પટેલ, ઉપેન્દ્ર સુખડીયા, સ્કુલ ઓફ એચિવરના અલ્પાબેન, હર્ષાબેન પંડયા, દિપકભાઈ સોની અને શાળાના આચાર્યા પુષ્પાબેન પટેલ તથા કર્મચારીગણ અને ટ્રસ્ટી બિપીનભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની સફળતા માટે ચિરાગ ત્રિવેદી, માનસી શુકલ તથા હાર્દિક દવેએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે બાળકોને અલ્પાહાર કરાવાયો હતો.

### ફૂટબોલ સ્પર્ધામાં ચાંદખેડા જ્ઞાનદીપ શાળાના વિદ્યાર્થીઓ ચેમ્પિયન

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લા ગ્રામ્ય સુબ્રટો મુખર્જી અન્ડર-૧૭ ભાઈઓની ફુટબોલ સ્પર્ધા સ્વામીનારાયણ વિદ્યામંદિર, રાયસણ ખાતે યોજાઈ હતી. જેમાં ફાઈનલ જ્ઞાનદીપ હિન્દી હાયર સેકન્ડરી સ્કુલ, ચાંદખેડા તેમજ અમદાવાદ ઈન્ટરનેશનલ સ્કુલ, ભાટ વચ્ચે રમાઈ હતી. જેમાં



જ્ઞાનદીપ હિન્દી હાયર સેકન્ડરી સ્કુલ, ચાંદખેડાએ ૩-૦ થી જીત મેળવી ગાંધીનગર જિલ્લા ગ્રામ્ય સુબ્રટો મુખર્જી અન્ડર-૧૭ ભાઈઓની ફુટબોલ સ્પર્ધામાં ચેમ્પિયન થયા છે. શાળા છેલ્લા ૩ વર્ષથી સતત ચેમ્પિયન થાય છે તેમજ ૪ વર્ષથી આ સ્પર્ધાનું ચેમ્પિયન પદ જાળવી રાખ્યું છે. આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોને શાળાના સંચાલક ધર્મરાજ ઉપાધ્યાય, ઈન્ચાર્જ આચાર્ય આનંદકુમાર મિશ્રા તેમજ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે. શાળાના કોચ મેનેજર તરીકે ભરત પટેલ, સતીષ પાંડેય તેમજ મનીષ સુર્યવંશીએ સેવા આપી હતી.

### ચિરવિદાય

- સ્વ. કિંજલ રમેશભાઈ રાવળ, ઉ.વ. ૧૮
- સ્વ. અલ્પેશ રમેશભાઈ ઠાકોર, ઉ.વ. ૨૦